તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 26-10-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

## આકાશવાણી સમાચાર હેમાંગિની સોનારા વાંચે છે.

---

1) છત્તીસગઢમાં ભિલાઈ IITના પદવીદાન સમારોહને સંબોધતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે, ‘‘જનજાતિ સમુદાયના લોકોની સક્રિય ભાગીદારીથી જ દેશનો સંપૂર્ણ વિકાસ શક્ય છે.’

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.

3) **મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસે 23 અને શિવસેનાએ 15 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી.**

4) કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ગ્લૉબલ સાઉથના અનુભવોમાંથી નવીનતાનું પરસ્પર આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવા વિશ્વ બેન્કને હાકલ કરી.

5) વિશ્વ ટેબલ ટેનિસ ચેમ્પિયન સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં ક્વોલિફાય થનારાં મનિકા બત્રા પ્રથમ ભારતીય ખેલાડી બન્યાં.

6) પૂણેમાં ન્યૂ ઝિલેન્ડ સામેની બીજી ટેસ્ટમાં જીત માટેના 359 રનના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે ભારતનો સંઘર્ષ.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# PREZ CHATTISGARH

'જનજાતિ સમુદાયના લોકોની સક્રિય ભાગીદારીથી જ દેશનો સંપૂર્ણ વિકાસ શક્ય છે.' છત્તીસગઢમાં ભિલાઈ ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન - IITના પદવીદાન સમારોહને સંબોધતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આમ જણાવ્યું હતું.

સંસ્થાનના પદવીદાન સમારોહને સંબોધતાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, છત્તીસગઢની ધરતી આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાથી સમૃદ્ધ છે. દેશના વિકાસમાં ભિલાઈની મહત્વની ભૂમિકા હોવાનો પણ રાષ્ટ્રપતિએ પોતાના સંબોધનમાં ઉલ્લેખ કર્યો હતો.

## (ઓડિયો – રાષ્ટ્રપતિ )

સુશ્રી મુર્મૂએ પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉપયોગ, ઝીરો વેસ્ટ ડિસ્ચાર્જ પરિસર, પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવાના પ્રયાસ બદલ છત્તીસગઢના ભિલાઈ ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાનની પ્રશંસા કરી હતી.

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 115મી કડી છે.

આવતીકાલે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# PM RAJU CONDOLENCES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિખ્યાત નૃત્યાંગના અને સાંસ્કૃતિક વ્યક્તિત્વ કનક રાજૂના અવસાન અંગે શોક વ્યક્ત કર્યો છે. શ્રી મોદીએ ગુસ્સાડી નૃત્ય કળાની જાળવણી અને સંરક્ષણ માટે તેમના યોગદાનની પ્રશંસા કરી હતી. શ્રી મોદીએ કહ્યું કે, તેમનો વારસો ભાવિ પેઢીઓને પ્રેરણા પૂરી પાડતી રહેશે.

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# MAHA-ELECTION SECOND LIST

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસે 23 અને શિવસેનાએ 15 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી. કોંગ્રેસે રાલેગાંવથી મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી વસંત પુરકે, સાવનેરથી અનુજા કેદાર, અર્જુની-મોરગાંવથી દિલીપ બંસોડ, જાલનાથી કૈલાસ ગોરંત્યાલ અને સાયન-કોલીવાડાથી ગણેશ યાદવને મેદાનમાં ઉતાર્યા છે. શિવસેનાએ ધુલેથી અનિલ ગોટે, હિંગોલીમાં રૂપાલી પાટીલ, શિવડીથી અજય ચૌધરી અને બાઈકુલાથી મનોજ જમસુતકરને ઉમેદવાર બનાવ્યા છે.

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે આ સોમવારે ઉમેદવારી દાખલ કરી શકાશે. જ્યારે ચૂંટણી માટે 20 નવેમ્બરે મતદાન અને 23 નવેમ્બરે મતગણતરી થશે.

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# FM WORLD BANK

કેન્દ્રીય નાણા અને કૉર્પોરેટ બાબતોનાં મંત્રી નિર્મલા સીતારમણે વિશ્વ બેન્કને ડિજિટલ સમાવેશી અને ટકાઉ ઊર્જાના ક્ષેત્રોમાં ગ્લોબલ સાઉથના પરિવર્તનલક્ષી અનુભવોથી લાભ ઉઠાવી નવીનતાનો પરસ્પર આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવા હાકલ કરી છે. નાણામંત્રીએ વૉશિંગ્ટન ડીસીમાં વિશ્વ બેન્કની વાર્ષિક બેઠક દરમિયાન "ભવિષ્ય માટે તૈયાર વિશ્વ બેન્ક સમૂહ" વિષય અંગે વિકાસ સમિતિના સંપૂર્ણ સત્રને સંબોધિત કરતાં આમ જણાવ્યું હતું.

શ્રીમતી સીતારમણે વ્યાપક ભાગીદારીને પ્રોત્સાહન આપવા, મધ્યમ આવક ધરાવતા દેશો અને વધુ દેવું લેવા માટે પ્રોત્સાહિત કરવા અને વિકાસના વ્યાપને વિસ્તૃત કરવા માટે વિશ્વ બેન્ક અને વધુ સ્પર્ધાત્મક કિંમત નિર્ધારણ મૉડેલ લાવવા પણ કહ્યું હતું.

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

-

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# SARDAR PATEL MEMORIAL LECTURE-ISRO

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા - ઈસરોના અધ્યક્ષ ડૉ. એસ. સોમનાથ આજે બપોરે નવી દિલ્હીમાં આકાશવાણીના રંગ ભવનમાં સરદાર પટેલ મેમોરિયલ લેક્ચર 2024 આપશે. તેઓ ઈન્ડિયન સ્પેસ ઓડિસીઃ ઈન સર્ચ ઓફ ન્યુ ફ્રન્ટીયર્સ વિષય પર વાત કરશે. પ્રસાર ભારતી દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિમાં આ વ્યાખ્યાનનું આયોજન કરાયું છે.

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# MPOX VACCINATION

આફ્રિકન દેશ કોંગોમાં મંકીપોક્સ  રસીકરણનો બીજો તબક્કો શરૂ થયો છે. પ્રથમ તબક્કામાં મુખ્યત્વે આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવી હતી. બીજા તબક્કામાં વધુ જોખમ ધરાવતા લોકોને રસી આપવામાં આવશે.

એમપોક્સ, એ મંકીપોક્સ વાયરસથી થતો ચેપી રોગ છે જે નજીકના સંપર્ક દ્વારા ફેલાય છે. તાવ, ગળામાં સોજો, સ્નાયુ અને પીઠનો દુખાવો તેના મુખ્ય લક્ષણો છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ  ઓગસ્ટ મહિનામાં એમપોક્સને આરોગ્ય કટોકટી જાહેર કરી હતી.

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# DELHI-POLLUTION

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે નવી દિલ્હીમાં હવાની ગુણવત્તાના સ્તરને "નબળી" શ્રેણીમાં મૂક્યું છે. આજે સવારે 7 વાગ્યે દિલ્હીમાં હવાનો ગુણવત્તા સૂચકાંક એટલે કે એર ક્વોલિટી ઈન્ડેક્સ 232 નોંધાયો હતો.

શૂન્ય અને 50 વચ્ચેની હવાની ગુણવત્તા સારી માનવામાં આવે છે. 51થી 100ની વચ્ચેનો સૂચકાંક સંતોષકારક, 101થી 200ને સામાન્ય, 201થી 300ના સૂચકાંકને નબળો તેમજ 301થી 400ને ખૂબ જ ખરાબ માનવામાં આવે છે. જ્યારે 401થી 450ના સૂચકાંકની સ્થિતિને ખૂબ જ ગંભીર માનવામાં આવે છે.

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# BSF BGB DG LEVE TALKS POSTPONED

સરહદ સુરક્ષા દળ – BSF અને બૉર્ડર ગાર્ડ બાંગ્લાદેશ – BGB વચ્ચે આગામી 18થી 22 નવેમ્બર દરમિયાન નવી દિલ્હીમાં મહાનિદેશક સ્તરની સરહદ સંવાદ સ્થગિત થઈ ગયો છે. BGBના પ્રવક્તાએ કહ્યું કે, 'વર્તમાન સ્થિતિના કારણે BGB અધિકારીઓ દેશભરમાં તહેનાત છે. આ જ કારણથી તેમણે BSFને આ બેઠકને એક મહિના પછી યોજવા અનુરોધ કર્યો છે.'

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સરહદી દળ વર્ષમાં 2 વખત મહાનિદેશક સ્તરની બેઠક યોજે છે. આ 55મી બેઠક હતી. જ્યારે છેલ્લી બેઠક આ જ વર્ષે માર્ચ મહિનામાં ઢાકામાં યોજાઈ હતી.

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# CONSUMER AFFAIRS HELMET

ગ્રાહક બાબતોના, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે બિન-અનુપાલક હેલમેટ વેચનારા ઉત્પાદકો અને છૂટક વેપારીઓ સામે કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો છે. મંત્રાલયે તમામ જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટને આવા વેપારીઓ સામે રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે.

વિભાગનાં સચિવ નિધિ ખરેએ કહ્યું કે, આ પહેલ બજાર ગ્રાહકોને ભારતીય માનક બ્યૂરો – B.I.S. પ્રમાણિક વસ્તુઓ અંગે માહિતગાર કરવા માટે જરૂરી છે. તેમણે તમામ હિતધારકોને નાગરિકોની સલામતી માટે આ અભિયાનમાં સક્રિય રીતે ભાગ લેવા પણ અનુરોધ કર્યો છે.

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# MANIKA-WTT

ટેબલ ટેનિસમાં ભારતીય ખેલાડી મનિકા બત્રાએ ઈતિહાસ રચ્યો છે. તેઓ વિશ્વ ટેબલ ટેનિસ ચેમ્પિયન સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં ક્વોલિફાય થનારાં પ્રથમ ભારતીય ખેલાડી બન્યાં છે. તેમણે ગઈકાલે ફ્રાન્સના મોન્ટપેલિયરમાં 16માં રાઉન્ડમાં રોમાનિયાના બર્નાડેટ ઝોક્સને 3-1થી પરાજય આપ્યો હતો. આજે તેમનો મુકાબલો ચીનની ક્વિઆન તિઆની સામે થશે.

મનિકા બત્રાએ પેરિસ ઓલિમ્પિક 2024માં રોમને 3-2ના સ્કોરથી હરાવ્યું હતું. ઓલિમ્પિકમાં સિંગલ્સ ટેબલ ટેનિસ સ્પર્ધાના  છેલ્લા 16માં પહોંચનારાં તે ભારતની પ્રથમ ટેબલ ટેનિસ ખેલાડી બન્યાં હતાં.

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# ISRAEL-IRAN MILITARY STRIKES

ઈઝરાયેલે આજે સવારે ઈરાનના સૈન્ય મથકો પર મોટાપાયે હુમલા કર્યા છે. જેનાથી આ ક્ષેત્રમાં તણાવ વધુ વધ્યો છે. ઇઝરાયેલના સંરક્ષણ દળોએ આ કાર્યવાહીની પુષ્ટિ કરી છે અને આ હુમલાને પહેલી ઓક્ટોબરે ઈરાને ઇઝરાયેલ પર કરાયેલાં મિસાઇલ હુમલાનો જવાબ ગણાવ્યો છે.

તા. 26-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# TEST MATCH

પૂણે ખાતે રમાઇ રહેલી ન્યુઝિલેંડ સામેની મેચ જીતવા માટે ભારત સંઘર્ષ કરી રહ્યું છે..જીત માટે ન્યુઝઇલેંડે આપેલા 359 રનના લક્ષ્યાંકને પાર કરવા ભારતે છેલ્લા અહેવાલ મળ્યા ત્યારે ચાર વિકેટે 145 રન કર્યા છે..અને હવે ભારતને જીત માટે 214 ....... રનની જરૂર છે અને છ.....વિકેટ હજુ બાકી છે.. વિરાટ કોહલી અને વોશિંગ્ટન સુંદર રમતમાં છે..

આજે ન્યુઝિલેંડની ટીમ બીજી ઇનિગમાં 255 રન ઉપર ઓલ આઉટ થઇ જતા ભારતને પ્રવાસી ટીમે જીત માટે 359 રનનુ લક્ષ્યાંક અપાયું હતું.. જોકે ભારતની બીજી ઇનિગમાં પણ શરૂઆત નબળી રહી હતી અને ટીમ ઇન્ડિયાના કેપ્ટન રોહીત શર્મા ફરી પાછો નિષ્ફળ રહ્યો હતો અને આઠ રનના વ્યક્તિગત સ્કોર ઉપર આઉટ થઇ ગયો હતો. જોકે ત્યારબાદ યશશ્વી જયસ્વાલ અને શુભમન ગીલે બાજી સંભાળી હતી જોકે ગીલ પણ લાંબુ ટકી શક્યો ન હતો અને 23 રન ઉપર આઉટ થઇ ગયો હતો..જોકે વિકેટ પર ટકી રહેલા જયસ્વાલને પણ 77 રન ઉપર સેન્ટનેરે આઉટ કર્યો હતો.. આજે મેચનો ત્રીજો દિવસ છે